# ગ્રાહકફરિયાદનિવારણફોરમ, જુનાગઢ

પશ્ચિમગુજરાતવીજકંપનીલીમીટેડ

સર્કલ ઓફીસ, જુના પાવર હાઉસ કમ્પાઉન્ડ, આઝાદ ચોક, એમ.જી.રોડ, જુનાગઢ – ૩૬૨૦૦૧

website : www.pgvcl.com

CIN:U40102GJ2003SGC042908


પીજીવીસીએલ/સીજીઆરએફ/૧૪/ક્વા-૦૧/૨૦૨૪-૨૫ / ૨૫૭ તા. ૧૨/૦૭/૨૦૨૪

<u>રજી.એડી./સ્પીડ પોસ્ટ/કુરિયર મારફત</u>

પ્રતિ,
હુસેનભાઈ હાસમભાઈ બોબડા
રહે.માંગરોળ,
ઠે. ડાગરીયા પા વાડી વિસ્તાર,
જી. :જુનાગઢ, પીનકોડ : ૩૬૨૨૨૫મોબાઈલ :૯૮૨૫૫૪૩૨૫૭

વિષય : માંગરોળ સીટી ખેતીવાડી વિભાગમાં સર્વે નં. ૩૨૪/૪ વાળી જમીનના કૂવા પર મંજુર થયેલ પાવર કનેક્શન ચાલુ કરવા અંગે.

સંદર્ભે : હુસેનભાઈ હાસમભાઈ બોબડા ની રજુઆત મળ્યા તારીખ: ૨૬.૦૫.૨૦૨૪

( અત્રેનાફોરમનીનોંધણીનંબર : ૧૪/ક્વા-૦૧/૨૦૨૪-૨૫)

મહોદયશ્રી,

આપશ્રી દ્વારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ સમક્ષ કરવામાં આવેલ અરજીના ચુકાદાની પ્રમાણિત નકલ આ સાથે સામેલ છે.

જે આપશ્રીને સુવિદિત થાય, આપના સહકાર સહ, આભાર સહ.

આપનો વિશ્વાસુ,

(ડી.એસ.રાજપાલ)
કન્વીનર
ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,
પ.ગુ.વી.કં.લી., જુનાગઢ

બિડાણ : ઉપર મુજબ.

**નકલ સાદર રવાના :**

(૧) અધિક્ષક ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., વર્તુળ કચેરી, પોરબંદર

(૨) કાર્યપાલક ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., વિભાગીય કચેરી, માંગરોળ

સદર નિર્ણયપત્રની નકલ આપશ્રીને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નામદાર ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ ( ગ્રાહક તકરાર નિવારણ ફોરમ અને લોકપાલ ) વિનિયમો-૨૦૧૧, જાહેરનામા નં.- ૦૨/૨૦૧૯ ની વિનિયમ નં.- ૨.૫૪ અનુસાર, સદર હુકમના પાલન અંગે થયેલ કાર્યવાહીનો અહેવાલ અત્રેની ફોરમ કચેરીને અચૂક મોકલી આપવા વિનંતી.

(3) નાયબ ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., પેટા વિભાગીય કચેરી, માંગરોળ શહેર

# ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, જુનાગઢ

## પશ્ચિમ ગુજરાત વીજ કંપની લીમીટેડ

સર્કલ ઓફીસ, જુના પાવર હાઉસ કમ્પાઉન્ડ, આઝાદ ચોક, એમ.જી.રોડ, જુનાગઢ – ૩૬૨૦૦૧

website : forumjunagadh.pgvcl@gebmail.com

CIN:U40102GJ2003SGC042908

પીજીવીસીએલ/સીજીઆરએફ/૧૪/ફ્વા-૦૧/૨૦૨૪-૨૫/ ૧૫૭ તા. ૧૨/૦૭/૨૦૨૪

૨૦૦૩ના ભારતીય વીજળી અધિનિયમની કલમ નં. ૪૨(૫) તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) અગાઉના નોટીફીકેશન નં. ૦૨/૨૦૧૧ હેઠળ રચાયેલ તેમજ પ્રવર્તમાન નોટીફીકેશન નં. ૦૨/૨૦૧૯ મુજબના ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ (CGRF) પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ જુનાગઢના ચેરમેન સમક્ષ નોંધાયેલ ફરીયાદ.

**No. PG – ૧૪/ફ્વા-૦૧/૨૦૨૪-૨૫**

અરજદાર: શ્રી હુસેનભાઈ હાસમભાઈ બોબડા, ગામ – માંગરોળ,

સબડીવીઝન: માંગરોળ શહેર,

**:: વિરુધ્ધ ::**

સામાવાળા: કાર્યક્ષેત્ર: કાર્યપાલક ઈજનેર પીજીવીસીએલ વિભાગીય કચેરી, માંગરોળ,

**:: કોરમ ::**

| | |
|---|---|
| ૧) ચેરપર્સન | : શ્રી એન.સી.મકવાણા |
| ૨) મેમ્બર સ્વતંત્ર | : શ્રી એન.એસ.પંડયા |

સુનાવણી સ્થળ- પીજીવીસીએલ,વર્તુળ કચેરી, પોરબંદર

તારીખ: ૨૦-૦૬-૨૦૨૪ (ગુરુવાર)

૧.૦ સદર કેસની સુનાવણી તા. ૨૦-૦૬-૨૦૨૪ (ગુરુવાર) નાં રોજ રાખવામાં આવેલ હતી. જેમાં ઉપર મુજબ બન્ને પક્ષકાર હાજર રહેલ હતા.

**:: અરજદારની રજૂઆત ::**

૨.૦ અરજદારશ્રી રજુઆતમાં જણાવે છે કે, ઉપરોક્ત બાબતે જણાવવા ફરીયાદ અરજ કે અમોશ્રી મો. હુસેન હાસમ બોબડા અમોની માંગરોળ તળપદમાં સ.નં.૩૨૪/પૈકી ૪વાળી અમોની સ્વતંત્ર માલિકીની જમીન ડાગરીયા પા માં આવેલ છે. આ જમીનના કૂવા પર અમોનુ થ્રી ફેઝ પાવર કનેકશન ૭.૫ એચ.પી. નું તા. ૦૪/૦૪/૨૦૧૮ ના રોજ મંજુર થયેલ છે અને આ બાબતે અમોએ ક્વોટેશન ની રકમ તેમજ ટેસ્ટ રીપોર્ટ પણ ભરપાઇ કરી આપેલ છે તેની આ સાથે કોટેશનની નકલ તેમજ ભરપાઇ કરેલ રકમની પહોંચ પણ આ સાથે સામેલ છે. જેમાં ગ્રાહક નં. ૮૦૫૩૨૧૭૨૬૧ છે. ત્યારબાદ અમો કનેકશન ચાલું કરવા માટે સીટી વિભાગના નાયબ ઇજનેર શ્રી સ્થળ પર આવી મેજરમેન્ટ કરતા ૨ પોલના ગાળાનો અંતર મુખ્ય લાઇન થી ૧૦૦ મીટર જેટલું થાય છે. આ બાબતે

બાજુવાળા કાસમભાઇ ગાજરીયા તેમજ સુલેમાનભાઇ જડાએ શેઢા (બે ખેતર વચ્ચેની હદ) પર થાભલાં ઉભા કરવા ઇન્કાર કરતા અમોને કનેકશન મળેલ નથી જો કે આ (૨) બે વ્યકિતોના વચ્ચે સેઢા પર બે પોલ ઉભા કરી સર્વીસ કેબલ અથવા કોટેડ વાયરો નાખી અને લાઇન ઉભી કરવામા આવે તો કોઇને પણ નુકશાન કરતા નથી. અને આ ખોટો વાધો વાંધો રજૂ કરી અમોને કનેકશન મળે તેવું ઇચ્છતા નથી વાંધો લેનારના કુવા ઉપર બીજાની જમીન પરંતુ પસાર થઇ લાઇન આવે છે.એમ સામાન્ય રીતે દરેક જગ્યાએ ઇલેક્ટ્રીક લાઇન જાય છે. જો આ રીતે ખોટો વાંધો રજૂ કરી રહ્યા છે. આ બાબતે વાંધા પતાવટ માટે નાયબ કલેક્ટરશ્રીને મંજુરી માટે/રજૂઆત માટે અમોએ વખતો વખત સીટી વિભાગના નાયબ ઇજનેરને કહેલ, છતા આ બાબતે તા. ૦૧/૦૩/૨૦૨૪ ના રોજ અમોએ અરજી પણ નાયબ ઇજનેરશ્રીને આપેલ જે આ સાથે સામેલ છે છતા અમોને ધક્કાઓ ખવડાવે છે. અને આટલો લાંબો સમય વિતી ગયા છતા કોઇ કાર્યવાહી કરેલ નથી. આ રીતે અમોને લાઇન કનેકશન ન મળતા અમોને મોટું આર્થિક નુકશાન થઇ રહ્યું છે. જેના કારણે અમારી જમીન સિંચાઇ વગર નકામી થઇ જાય છે. અને પાવર કનેકશન વગર બીજો કોઇ વિકલ્પ નથી. ઇલેક્ટ્રીક જીવન જરૂરિયાત વાળી રાષ્ટ્રીય મિલ્કત છે. અમોને તેનો લાભ લેવાનો અમારો હક્ક છે અને આજુ બાજુમાંથી ભાડે પાણી મળી શકે તેમ નથી. ઉપર મુજબની અમોની ફરિયાદ અરજ ધ્યાને લઇ, વિજ નિયમોને ધ્યાને લઇ ઉપરોક્ત બાબતે નાયબ કલેકટરશ્રી પાસે પરવાનગી મેળવવા જે કાર્યવાહી કરવી જોઇએ તેમ અહિંના નાયબ ઇજનેરશ્રી તેમ કરતા નથી. અને ફરજમા બેદરકારી દાખવી રહ્યા છે. ખરૂ જોઇએ તો કોન્ટ્રાકટર તેમજ નાયબ ઇજનેર આવા કૃત્ય કરી રહ્યા છે. જેથી કરપશન થઇ શકે અને ઘણા આવા દાખલા થયેલ છે. કે નાણાંકિય વ્યવહાર કરવામા આવતો પોલીસ બંદો બસ્ત કરી લાઇન કનેકશન કરવમાં આવે છે. અને ઘણા સ્થળોએ કેબલ નાખી અને લાઇન ચાલૂ કરી દેવામાં આવે છે. આ રીતે માંગરોળની વિજ કચેરીમાં કામ કાજ થઇ રહ્યુ છે. જેથી અમો પક્ષકારને બોલાવી આ બાબતનું નિવારણ કરી અમારૂ કનેકશન ચાલું કરવામાં આવે તેમ અમોની ફરિયાદ અરજ છે. આમ અરજદારશ્રીએ અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે.

## :: પી.જી.વી.સી.એલ.ની રજૂઆત ::

3.0 માંગરોળ ગામે આવેલ જમીન સર્વે નંબર ૩૨૪/૪ માં અરજદારશ્રી હુસેનભાઈ હાસમભાઈ બોબડા નામે નવા ખેતીવાડી વીજ જોડાણ માટે તા.૧૮.૦૨.૨૦૧૬ ના રોજ અરજી કરવામાં આવેલ છે ત્યાર બાદ તેને નિયમાનુસાર વારો આવતા તેનું ભાવ પત્રક તારીખ-૦૪.૦૪.૨૦૧૯ થી આપવામાં આવેલ હતું. જે ભાવ પત્રક તેના દ્વારા ૦૯.૦૪.૨૦૧૮ ના રોજ ભરપાઈ કરવામાં આવેલ હતું, જે વીજ જોડાણ મળવા અર્થે તેના દ્વારા રજૂઆત કરવામાં આવેલ છે.

3.૧ સદર વીજ કનેક્શન ચાલુ કરવા માંગરોળ શહેર પેટા વિભાગીય કચેરી દ્વારા તેના વીજ જોડાણ માટે જરૂરી ઉભી કરવાની થતી ૧૧ કેવી લાઈન તથા ટ્રાન્સફોર્મર માટે કોન્ટ્રાક્ટર ને કામ આપવામાં આવેલ હતું. જેમાં આજુ બાજુ વાળા ખેડૂતો દ્વારા લાઈન ઉભી કરવા અંગે વાંધા લેવામાં આવેલ હતા અને સદર વાંધા નું નિરાકરણ ન આવતા માંગરોળ શહેર પેટા વિભાગીય કચેરી દ્વારા સદર કેસ પ્રાંત અધિકારીશ્રી,માંગરોળ ને મોકલવામાં આવેલ હતો, જે હજુ અનિર્ણિત હોય, જેનો નિર્ણય આવ્યે સદર વીજ જોડાણ ની કાર્યવાહી પ્રાંત અધિકારીશ્રીના નિર્ણય ને અનુસાર કરવામાં આવશે.

## :: હુકમ ::

૪.૦ અરજદારશ્રી દ્વારા કરેલ મૌખીક તેમજ લેખીત રજૂઆત તથા સામાંવાળાની મૌખીક રજૂઆત અને રજુ કરાયેલ દસ્તાવેજી પુરાવાઓના આધારે ફોરમ નીચે મુજબ નાં નિર્ણય ઉપર આવેલ છે.

૪.૧ સદર કેસ બાબતે પીજીવીસીએલ ની રજૂઆત મુજબ અરજદારશ્રી ના વીજ જોડાણ માટે જરૂરી ઉભી કરવાની થતી ૧૧ કેવી લાઇન તથા ટ્રાન્સફોર્મર માટે કોન્ટ્રાક્ટર ને કામ આપવામાં આવેલ છે. જેમાં આજુ બાજુ વાળા ખેડૂતો દ્વારા લાઈન ઉભી કરવા અંગે વાંધા લેવામાં આવેલ છે અને સદર વાંધા નું નિરાકરણ ન આવતા પીજીવીસીએલ દ્વારા સદર કેસ પ્રાંત અધિકારીશ્રી,માંગરોળ ને મોકલવામાં આવેલ હતો, જે હજુ અનિર્ણિત છે.

૪.૨ સદર બાબતે પીજીવીસીએલ કંપની દ્વારા સ્થળ પર હજુ સુધી કોઈપણ જાતની કામગીરી કે વીજ પોલ ઊભા કરવામાં આવેલ નથી. તેમજ અરજદાર શ્રી ના વીજ કનેક્શન વાળી જગ્યા પર ચારે બાજુ નારીયેલી ના વૃક્ષ આવેલ છે. અને અરજદાર શ્રી ની રજૂઆત મુજબ ૧૧ કેવી કેબલ થી કામગીરી થાય તેમ છે પરંતુ પીજીવીસીએલ ના કેહવા મુજબ પ્રવર્તમાન નિયમ મુજબ હાલ આવી કોઈ જોગવાઈ નથી. આ કેસ હાલ પ્રાંત અધિકારીશ્રી, માંગરોળ ખાતે અંતિમ નિર્ણય ને આધીન હોઈ પીજીવીસીએલ દ્વારા આ બાબતે સંલગ્ન સતાધીશો નો સંપર્ક કરી ઝડપી નિર્ણય આવે અને સત્વરે કામગીરી થાય તે બાબતે હકારાત્મક અભિગમ અપનાવવા સુચના આપવામાં આવે છે.

૪.3 તે મુજબ અત્રે ના ફોરમ દ્વારા હુકમ કરવામાં આવે છે.

૪.૪ આ સાથે અરજદારની અરજી ફેસલ કરવામાં આવે છે.

શ્રી એન.એસ.પંડયા
સ્વતંત્ર સભ્ય

શ્રી એન.સી.મકવાણા
ચેરપર્સન

નોંધ:-

(૧) અરજદાર સદર હુકમ થી નારાજ હોય તો સદર હુકમ મળ્યાની તારીખ થી દિન-30 માં વિદ્યુત લોકપાલમાં રજૂઆત કરી શકે છે.આ સાથે વિધુત લોકપાલમાં રજૂઆત કરવાની પધ્ધતિ સામેલ છે.

(૨) ગુજરાત વિધુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો'૨૦૧૯ જાહેરનામા નં.૨/૨૦૧૯ ની કલમ ૩.૧૯ મુજબની બધી શરતો સંતોષવામાં આવેલ હશે તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે અને કલમ ૩.૧૯ (૮) મુજબ ફરિયાદીએ જરૂરી હોય તો ફોરમ ના હુકમના સંદર્ભમાં પરવાનેદાર પાસે એક તૃતીયાંશ રકમ જમા કરાવી હોય અને કરેલ ચુકવણીની સાબિતી રજૂ કરી હોય,તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે.

(3) લોકપાલશ્રી નું સરનામું : વિદ્યુત લોકપાલની કચેરી, જીલ્લા સેવા સદન-3, ત્રીજો માળ,બ્લોક નં. ૧, સરકારી પ્રેસ રોડ, ફોન નં.-૦૨૮૧-૨૯૯૪૧૨૫, રાજકોટ-૩૬૦૦૦૧